Public Trust Regn. No. F - 1915, Pune
Society Regn. No. MAH/829/Pune 81

SHRI POONA KUTCHI JAIN SAMAJ
Matru Bhumi - We Adore

# શ્રી પૂના કચ્છી જૈન સમાજ

રજિસ્ટર ઑફિસ : ૨૯૧, શનિવાર પેઠ, ગુરૂપ્રસાદ અપાર્ટમેંટ, પુણે - ૪૧૧ ૦૩૦.
પત્રવ્યવહાર :- શ્રી અચલગચ્છ જૈન સંઘ, સંચાલિત, પ્રગતી આરાધના ભવન,
૪૦૫, શનિવાર પેઠ, પુણે - ૪૧૧ ૦૩૦. ફોન : ૨૪૪૮ ૪૧૧૪
www.kvopune.org

તારીખ : ૧/૦૬/૧૭

સન્માનનીય ભાઈઓ તથા બહેનો,

**કાળા ડુંગર કચ્છ જા ઘોરા ઘણ ચરે**
**ઉલશે સામા મલે ઓનકે ડસઘે દુખડા ટળે**
**ઝાડ ને ટઉકે મોરલા કે હુંકાર ઢેલ**
**પદમણીયું પાણી ભરીયે સોને રૂપે હેલ**
**એડે મુંજ કચ્છ ડે મેં અચીજા દોસ્ત**
**જતે મર્દ મુછાડા માડુ મઠી બોલી બોલે**

રચના : શ્રી નાનજીભાઇ ફુરીયા

શ્રી પૂના કચ્છી જૈન સમાજનો પારંપારીક **કચ્છી નૂતન વર્ષ-અષાઢી બીજ** નો કાર્યક્રમ **રવિવાર, તા.૨૫-૦૬-૨૦૧૭** ના દિવસે નિરધાર્યો છે. આપ સહુને આ કાર્યક્રમમાં પધારવા ભાવભીનું આમંત્રણ પાઠવીએ છીએ.

❀ તારીખ-સમય ❀
રવિવાર તા. ૨૫-૦૬-૨૦૧૭
સવારનાં ૯.૪૫ થી ૨.૦૦

❀ સ્થળ ❀
સિદ્ધી બેક્વેટ AC હૉલ
મ્હાત્રે પૂલ, ૬૦ ફૂટ રોડ, પૂના

## કાર્યક્રમની રૂપરેખા

૦૯.૪૫ થી ૦૯.૫૫ - નવકાંર મંત્ર - પ્રમુખ શ્રી તરફથી સ્વાગત
૦૯.૫૫ થી ૧૦.૧૫ - પ્લે ગ્રુપ થી ધોરણ ૯ ના બાળકોનું ઇનામ વિતરણ
૧૦.૧૫ થી ૧૦.૩૦ - સ્પેશિયલ અચીવમેન્ટ
૧૦.૩૦ થી ૧૦.૪૦ - પ્રમુખશ્રી નું પ્રવચન
૧૦.૪૦ થી ૧૧.૦૦ - ભુમી પુજન વિડીયો
૧૧.૦૦ થી ૧૧.૪૫ - દાતાઓનું સન્માન,ભુમીપુજન વોલ્યુન્ટીયર્સનું અભિવાદન/
૧૧.૪૫ થી ૧૨.૧૫ - ક્રિકટરોનું અભિવાદન/કચ્છી ઓલંપીયાડ ના વિજેતાનું બહુમાન
૧૨.૧૫ થી ૧૨.૩૦ - લકી ડ્રૉ
૧૨.૩૦ થી ૦૨.૦૦ - જમણ
૧૨.૩૦ થી ૦૨.૦૦ - કચ્છી બજાર
૦૧.૦૦ થી ૦૨.૦૦ - બુંદી લાડુ અને ગાંઠીયાનું વિતરણ / વીરપસલી ભેટ વિતરણ

❖ અષાઢીબીજ જમણ તેમજ લક્કી ડ્રોના ઇનામો **શા લક્ષ્મીચંદ પચાણ સાવલાની સ્મૃતીમાં શ્રીમતી પ્રભાબેન લક્ષ્મીચંદ સાવલાની સુપુત્રીઓ પ્રિતી, પદમા અને પલ્લવી તરફથી પુરસ્કૃત** કરવામાં આવેલ છે.

❖ પૂના શહેરમાં વસતા આપણા સમાજના સર્વે ભાઇ બહેનોને આમંત્રણ મોકલવામાં આવ્યું છે. છતાં શરતચુકથી કોઇને આમંત્રણ ન મળ્યું હોય અથવા અભ્યાસ અગર અન્ય કારણસર પૂનામાં હાજર હોય તેવા ભાઇઓ તથા બહેનોને કાર્યક્રમમાં પધારવાનું જાહેર આમંત્રણ છે. પૂનામાં વસતી અને અન્ય સમાજમાં પરણેલી પૂના સમાજની નિયાણીઓને સહકુટુંબ પધારવા સ્નેહભર્યું આમંત્રણ છે. (આવી નિયાણીઓને જાણ કરવા તેમના વડિલોને ખાસ વિનંતી.)

❖ કચ્છી નુતન વર્ષ કાર્યક્રમને અનુરૂપ વસ્ત્ર પરીધાન કરવા દરેક ભાઇ બહેનને વિનંતી.

❖ આ કાર્યક્રમ વખતે કચ્છી બજારનું આયોજન કરવામાં આવ્યું છે. કચ્છી બજારમાં સ્ટોલ બુક કરવા રૂ. ૩૦૦/- ની રકમ (Non Refundable) ભરવાની રહેશે રજીસ્ટ્રેશન કરાવતી વેળાએ પોતાનું નામ, ફોન નં., અને આઇટમની વિગત આપવી.

**નોંધ**

(૧) નર્સરી થી બીજા ધોરણ સુધીના બધાજ ભૂલકાઓ, તથા ત્રીજા ધોરણથી નવમા ધોરણ સુધી વાર્ષિક પરીક્ષામાં એ+, એ, ૭૫% અથવા B Grade તેથી વધુ ગુણ મેળવી ઉત્તીર્ણ થનાર વિધાર્થી-વિધાર્થીની ઓએ પોતાની માર્કલીસ્ટની એકજ પાનાની સર્વે ઝેરોક્સ કોપીઓ (જેમાંની એક કોપી સહી કરીને પહોંચ તરીકે પાછી મળશે) પોતાનું સંપૂર્ણ નામ તથા ટેલીફોન નંબર લખીને પ્રગતી આરાધના ભવનમાં આપી જવા વિનંતી. ઇ-મેલ થી પણ મોકલી શકો છો. nileshdedhia67@gmail.com ઈનામ વિતરણ સમયે જે વિધાર્થી હાજર હશે, તેમને જ ઈનામ આપવામાં આવશે પાછળથી ઈનામ આપવામાં આવશે નહીં. જેની નોંધ લેવા વિનંતી. ઉપરોક્ત વિદ્યાર્થી બહુમાનના ઇનામો શા. મુરજી પાચારીયા નંદૂ, ના કાયમી શૈક્ષણીક ફંડ માંથી હસ્તે શ્રી નૈનેશ નંદૂ તરફથી પુરસ્કૃત કરવામાં આવેલ છે. આ વિદ્યાર્થીઓં માંથી કોઇ એ ભણતર સિવાય ઇતર પ્રવૃત્તીઓમાં District/State/National/Internation લેવલ પર Achivements કરી હોય તેમણે પોતાના નામ Certificate સાથે આપવા.

(૨) **સમાજનો વાર્ષિક ફાળો ચૂલ દીઠ આપવાનો રહે છે. તેની નોંધ લઈ અષાઢી બીજના કાર્યક્રમ વખતે ફાળો અચૂક જમા કરાવવા વિનંતી.**

(૩) સમાજનાં ઉઘરાવાતા વાર્ષિક ફાળામાંથી નીચે મુજબની પ્રવૃતિઓ સમાજ તરફથી કરવામાં આવે છે. ★ સંજીવની વૈધકીય પોલીસીમાં જરૂરતમંદને ૫૦% રાહત ★ વૈધકીય મદદ. ★ શૈક્ષણીક રાહત/લોન. ★ મફત અનાજ વિતરણ ★ સામાજીક તથા અન્ય કાર્યક્રમો જેવા કે, અષાઢીબીજ, સાંવત્સરીક મેળાવડો, રમતગમત, પિકનીક, સાંસ્કૃતિક કાર્યક્રમો વગેરે ★ જમણવાર.

(૪) સમાજ તરફથી વર્ષ દરમ્યાન આયોજીત જમણ સ્વામીવાત્સલ્ય અને અષાઢી બીજ માટે સ્પોન્સરશીપ આવકાર્ય છે.

(૫) સમાજ દ્વારા આયોજીત સીનીયર સીટીઝન કાર્યક્રમ માટે સ્પોન્સરશીપ આવકાર્ય છે.

(૬) ક.વી.ઓ. જૈન પુણે, પીંપરી-ચિંચવડ શહેરમાં રહેતા ૧૮ વર્ષની ઉપરના વ્યક્તિઓ સમાજના મેંમ્બર થઇ શકે છે.

(૭) સમાજ તરફથી SMS મોકલવાની વ્યવસ્થા ચાલૂ છે. સમાજ તરફથી જાન્યુઆરી ૨૦૧૭ થી બ્રોડકાસ્ટ Whatsapp ગ્રુપ શરૂ કરવામાં આવેલ છે. હમણા સુધી ૩૦ બ્રોડકાસ્ટ મેસેજ મોકલાવેલ છે. જેના માટે આપે મોબાઇલ નં. 9404547378 આપના મોબાઇલમાં KVO Pune ના નામે સ્ટોર કરી લેવો તોજ આપને મેસેજ મળશે. ધ્યાનમાં રહે સમાજના દરેક મેસેજ Whatsapp group દ્વારા આપવામાં આવશે, નોંધ લેવી.

(૮) મુંબઇથી આવતી ખબર પત્રીકાનું વિતરણ પુનામાં શીવાજીનગર, પ્રભાત રોડ, લક્ષ્મી રોડ, કેમ્પ, રવિવાર પેઠ, વિસ્તારોમાં ચાલુ છે. જેમણે પણ પત્રિકા મંગાવવી હોય તેમણે શ્રી નીલેશ દેઢિયાનો સંપર્ક સાધવો.

(૯) સમાજના કોઇપણ કુંટુંબમાં દુખદ પ્રસંગ બન્યો હોય તેમના ઘરે ખારી માનીની વ્યવસ્થા, સ્મશાન માં પાણીની વ્યવસ્થા તેમજ ૨૦ સુખડની માળાની વ્યવસ્થા સમાજ તરફથી કરવામાં આવશે આ વસ્તુઓ માટે શ્રી હસમુખભાઇ તેજશી ગાલાનો સંપર્ક કરવો.

(૧૦) સમાજ તરફથી દેશી ઘીમાં બનાવેલ ડ્રાયફ્રૂટ યુક્ત બુંદીના લાડું અને રીફાઇન તેલમાં બનાવેલા ગાંઠીયા બનાવવાનું નક્કી થયેલ છે. બુંદીના લાડુ રૂ. ૪૦૦/- કિલો (૧/૨ અને ૧ કિલોની પેકીંગ) અને ગાંઠીયા રૂ. ૨૪૦/- કિલો (૧/૨ અને ૧ કિલોની પેકીંગ) રાખવામાં આવેલ છે. એક ફૅમિલીને બુંદીના લાડુ વધુ માં વધુ ૩ કિલો અને ગાંઠીયા ૧ કિલો આપવામાં આવશે. બુંદીના લાડુ અને ગાંઠીયાનું વિતરણ શનીવાર, ૨૪/૬/૨૦૧૭ ના બપોરના ૩-૫ પ્રગતી આરાધના ભવનમાં અને રવિવાર ૨૫/૬/૨૦૧૭ કાર્યક્રમનાં સ્થળે કરવામાં આવશે. બુંકીંગના સમયે તમે ક્યાંથી ડીલીવરી લેવાના છો તે જણાવવું

☆ સમાજ તરફથી પૂનામાં રહેતી નીયાણી બહેનોને તેમજ આ કાર્યક્રમ નિમિત્તે અથવા પૂનામાં હાજર હોય એ નીયાણી બહેનોને વીરપસલીની ભેટ કાઉંટર ઉપરથી લેવા વિનંતી. આ બાબત નીયાણી બહેનોને તેમના વડિલોએ જાણ કરવા વિનંતી.

---

## વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓની માર્કલીસ્ટ/સ્પેશીયલ અચીવમેન્ટ / બુંદી-ગાંઠીયાની બુકીંગ / કચ્છી બજાર સ્ટોલ બુકીંગ

સ્થળ :- પ્રગતી આરાધના ભવન, શનિવાર પેઠ,પૂના.

વાર/સમય :- બુધવાર તા. ૧૪ જૂન ૨૦૧૭ નાં રાત્રે ૮.૦૦ થી ૧૦.૦૦
ગુરૂવાર, તા. ૧૫ જૂન ૨૦૧૭ સવારના ૧૦.૦૦ થી ૧૧.૦૦
રાત્રે ૮.૦૦ થી ૧૦.૦૦

લી.

**શ્રી ધીરેન પોપટભાઇ નંદૂ, પ્રમુખ**
**શ્રી નીલેશ કુંવરજી દેઢિયા, મંત્રી**
**શ્રી જીગ્નેશ ચંપકલાલ ફુરીયા, સહમંત્રી**
**શ્રી હસમુખ તેજશી ગાલા, ચેરમેન ટ્રસ્ટી**
**શ્રી દિનેશ કાનજી ફુરીયા, મેનેજીંગ ટ્રસ્ટી**